# સમાજલક્ષી મનોવિજ્ઞાન

સમાજલક્ષી મનોવિજ્ઞાન એવું વૈજ્ઞાનિક ક્ષેત્ર છે કે જે સામાજિક પરીસ્થિતિઓ માં વ્યક્તિના વર્તન અને વિચારોના સ્વરૂપ તેમજ કારણોની સમજ પ્રાપ્ત કરવા સંશોધન કરે છે. - બેરન અને બાયર્ન

**પ્રસ્તાવના :**

**સ્થાન**-મનોવિજ્ઞાનનું મધ્યબિંદુ., **કાર્ય**-સમાજના આત્માને સમૃદ્ધ કરે., **સ્પષ્ટતા**-વર્તનને પૂર્ણ રીતે સમજવા માટે સંદર્ભ અને સંસ્કૃતિની સહાય જરૂરી., વારસાગત ઘટકો, રૂઢિઓ, તથા વાતાવરણ વર્તનને પ્રભાવિત કરે છે., **નવા અભ્યાસો**-વ્યક્તિ જૂથ, સામાજીકરણ, મનોવલણોનો, પૂર્વગ્રહો, આક્રમકતા, સામાજિક બોધન, તથા સામાજિક પ્રત્યક્ષીકરણ જેવા વિષયોના અભ્યાસ પણ કરે છે.

**વ્યાખ્યા :**

આની વ્યાખ્યા આપવી જટિલ છે. કરણ કે,....

(1) આનું કાર્યક્ષેત્ર અતિવ્યાપક છે.

(2) આમાં ઝડપથી પરિવર્તનો આવે છે.

છતાં આજનું સમાજલક્ષી મનોવિજ્ઞાન મુખ્યત્વે વ્યક્તિ સામાજિક પરીસ્થિતિ ઓમાં કઈ રીતે વર્તે છે, વિચારે છે, અને લાગણી અનુભવે છે તેનું સ્પષ્ટીકરણ કરે છે.

મહત્વની વ્યાખ્યાઓ :

**(1) બી. કુપ્પુસ્વામી :-**

"સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિઓ વચ્ચે થતી અથવા વ્યક્તિઓ અને જૂથો વચ્ચે થતી આંતર ક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે."

**(૨) કિંબાલ યંગ :-**

"સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિની પારસ્પરિક આંતરક્રિયાઓનો અભ્યાસ કરે છે.

**(3) ઓલપોર્ટ :-**

"સમાજલક્ષી મનોવિજ્ઞાન એટલે સામાજિક પરીસ્થિતિઓમાં પ્રતિબિંબિત થતા વ્યક્તિના વર્તનનો અભ્યાસ.

# સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યાની સમજુતી :-

(૧) **વ્યક્તિ** :- આ વિજ્ઞાન મુખ્યત્વે વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે. વ્યક્તિનું વર્તન જૂથ કે સમાજ અથવા સામાજિક પરિસ્થિતિથી કઈ રીતે પ્રભાવિત થાય છે તેનો અભ્યાસ કરે છે. બીજા વિજ્ઞાનો જૂથને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરે છે. જેમ કે સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર .........વગેરે.

(૨) **આંતરક્રિયા** :- બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા થાય છે તેને આંતર ક્રિયા કહે છે. અહીં આવી આંતર ક્રિયાઓનો અભ્યાસ થાય છે. બે પ્રકાર છે. (૧) વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે (૨) વ્યક્તિ-જૂથો વચ્ચે

(૩) **સામાજિક પરિસ્થિતિ** :- આ એક એવી પરિસ્થિતિ છે કે જેમાં એક વ્યક્તિનું વર્તન અન્યને પ્રભાવિત કરે છે અથવા અન્યથી પ્રભાવિત થાય છે. સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિઓ એકબીજાથી પ્રભાવિત થાય છે ત્યારે આંતરક્રિયા ઉદ્ભવે છે. સામાજિક આંતર ક્રિયાઓ વ્યક્તિઓ વચ્ચે પ્રત્યક્ષ કે મોઢા મોઢનો સંપર્ક હોય છે અથવા ક્યારેક સંકેતો દ્વારા પણ આંતરક્રિયા થતી હોય છે.

## સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્વરૂપ :-

અર્થને સમજવા તેના સ્વરૂપને સમજવું જરૂરી છે.

(1) સમાજલક્ષી મનોવિજ્ઞાન એક વિજ્ઞાન છે.

(2) સમાજલક્ષી મનોવિજ્ઞાન આનુભવિક અને પ્રાકૃતિક વિજ્ઞાન છે.

(3) સમાજલક્ષી મનોવિજ્ઞાન વાર્તનીક વિજ્ઞાન છે.

(4) સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક અને વ્યવહારિક વિજ્ઞાન છે.

(5) બોધનાત્મક દષ્ટિબિંદુનો સ્વીકાર.

(6) બહુવિધ સાંસ્કૃતિક દષ્ટિબિંદુ.

## (1) સમાજલક્ષી મનોવિજ્ઞાન એક વિજ્ઞાન છે :-

લોકો શા માટે અન્યને મદદ કરે છે ? અન્ય પર આક્રમણ કેમ કરવામાં આવે છે ? પૂર્વગ્રહોની વિનાશક અસરો કેમ થાય છે ? પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે ? આ બધા પ્રશ્નોના વૈજ્ઞાનિક રીતે ઉત્તરો આપી શકાય છે અને સમાજલક્ષી મનોવિજ્ઞાન તે માટે પ્રયાસો કરે છે. કોઈપણ અભ્યાસક્ષેત્રને વિજ્ઞાન ગણાવવા માટે બે બાબતો મહત્વની છે : (અ) મૂલ્યોનો ઝોક (self of values) (બ) અભ્યાસના વિવિધ મુદ્દાઓ માટે પ્રયોજાતી સંશોધન પદ્ધતિઓ.

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તનની સમજુતી માટે અમુક મુલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ છે અને તે સંશોધનની વિવિધ પદ્ધતિઓ અપનાવે છે.તેથી સાચા અર્થમાં વિજ્ઞાન છે કોઈપણ ક્ષેત્રને વિજ્ઞાનની હરોળમાં મુકવા માટે નીચેના ચાર કેન્દ્રસ્થ મુલ્યો તેને અપનાવવા જોઈએ.

**(અ) ચોકસાઈ :**

પોતાના અભ્યાસના ક્ષેત્ર વિષે માહિતી એકત્ર કરવાની અને માહિતીનું મૂલ્યાંકન કરવાની પ્રતિબધ્ધતા એ વિજ્ઞાનનું એક અગત્યનું મુલ્ય છે.

**(બ) વસ્તુલક્ષીતા :**

પૂર્વગ્રહોથી યુક્ત વસ્તુલક્ષી માહિતી એકત્ર કરવાની પ્રતિબધ્ધતા એ વિજ્ઞાનનું બીજું અગત્યનું મુલ્ય છે.

**(ક) સંશયવાદ :**

કોઈપણ માહિતી કે તારણોનું વારંવાર મૂલ્યાંકન થાય કે તેની ચકાસણી થાય ત્યારે જ તેનો સ્વીકાર કરવો.

(ડ) ખુલ્લું માનસ :

પોતાનું દષ્ટિબિંદુ બદલવા માટે મનને ખુલ્લું રાખવું જોઈએ. કોઈપણ પુરાવાથી એમ પુરવાર થાય કે અમુક દઢ થઇ ગયેલો મત પણ ખોટો છે. તો તે બાબત સ્વીકારવાની તૈયારી એ વૈજ્ઞાનિક માણસનું અગત્યનું લક્ષણ છે.

ઉપરના મુલ્યોને આ વિજ્ઞાન સ્વીકારે છે તેના અભ્યાસના વિવિધ વિષયો માટે વૈજ્ઞાનીક પધ્ધતિ અપનાવે છે. તેથી તે એક વિજ્ઞાન છે.

## (૨) સમાજલક્ષી મનોવિજ્ઞાન આનુભવિક અને પ્રાકૃતિક વિજ્ઞાન છે.

હકીકતો પર આધાર રાખતું આનુંભવિક વિજ્ઞાન તરીકે - તેમાં જે બાબતોના અનુભવોમાંથી પુરાવાઓ મળે તેનો જ સ્વીકાર – તે માટે નિરીક્ષણ, પ્રયોગ વગેરે સંશોધન પદ્ધતિઓ પ્રયોજીને વાસ્તવિક હકીકતોને આધારે સામાજિક વર્તનની વૈજ્ઞાનિક સમજુતી – અનુભવગમ્ય ન હોય તે તેવી કોઈપણ બાબત આમાં આવતી નથી – જૂથ, નેતૃત્વ, પૂર્વગ્રહ કે મનોવલણો વિષે આધારભૂત વિધાન કરતા પહેલા તે વિષયની આનુંભવિક ચકાસણી કરવામાં આવે છે.

વિજ્ઞાનોનું એક વર્ગીકરણ પ્રાકૃતિક અને આદર્શલક્ષી વિજ્ઞાનો એવું કરવામાં આવે છે. પ્રાકૃતિક વિજ્ઞાનો : હકીકતો જે સ્વરૂપમાં જોવા મળે છે તેનો જ અભ્યાસ – આદર્શલક્ષી વિજ્ઞાનો : વસ્તુ કેવી છે તેનો નહિ પણ કેવી હોવી જોઈએ તે વિષે એક આદર્શ રજુ કરે છે. આ અર્થમાં સમાજલક્ષી મનોવિજ્ઞાન પ્રાકૃતિક વિજ્ઞાન છે, કા.કે સામાજિક વર્તન જે સ્વરૂપમાં જોવા મળે છે તેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે.

**(3) સમાજલક્ષી મનોવિજ્ઞાન વાર્તનીક વિજ્ઞાન છે :**

વાર્તનીક વિજ્ઞાનો વિવિધ સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરીને વાસ્તવિક હકીકતો દ્વારા નિયમોની રચના કરે છે.

* સમાજલક્ષી મનોવિજ્ઞાન એક વાર્તનીક અને અનુભવનીષ્ટ વિજ્ઞાન છે. એટલે કે એ હકીકતો પર આધાર રાખતું વસ્તુલક્ષી વિજ્ઞાન છે.

* અહીં વ્યક્તિના જુથમાં થતા વર્તન માટે જુથમાનસ જેવી ન પુરવાર કરી શકાય તેવી કલ્પનાઓને આધારે સમજુતી આપતું નથી. પરંતુ પારસ્પરિક આંતરક્રિયાના વાસ્તવિક સિદ્ધાંતો દ્વારા વર્તનની સમજુતી આપે છે.

**(૪) સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક અને વ્યવહારિક વિજ્ઞાન છે :**

વિજ્ઞાનના બે પાસા

(૧) સૈદ્ધાંતિક (૨) વ્યવહારિક

મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક વિજ્ઞાન તરીકે તે સામાજિક વર્તનનું સ્પષ્ટીકરણ કરતા નિયમો કે સિદ્ધાંતોની રચના કરે – અને વ્યવહારિક વિજ્ઞાન તરીકે તે સમાજની કેટલીક સળગતી સમસ્યાઓનું નિરાકરણ કરે –

જેમ કે પૂર્વ ગ્રહો કે ભેદભાવો ઓછા કરવા, મનોવલણમાં પરિવર્તન લાવવું – યુદ્ધ અને આંતર રાષ્ટ્રીય તંગદીલી ઘટાડવી વગેરે ક્ષેત્રમાં વ્યવહાર ઉપયોગી સૂચનો કાર્ય છે. – લોકમત દ્વારા ચુંટણીની આગાહી કરવી – પ્રચારની રીતો, પ્રચાર સામે રક્ષણ વગેરે ક્ષેત્રે ઉપયોગી ફાળો આપ્યો –આમ બે દષ્ટિબિંદુ ધરાવે છે.

**બોધાત્મક દષ્ટિબિંદુ :-**

આધુનિક સમયમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વર્તનની સમજુતીનો એક અભિગમ બોધાત્મક અભિગમ છે.

વ્યક્તિના વર્તનનો આધાર તેના બોધન પર રહેલો છે. – વ્યક્તિ પરિસ્થિતિ વિષે શું વિચારે છે તેને આધારે વ્યક્તિની પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયા નક્કી થાય છે.

આમ સામાજિક વર્તનની પર્યાપ્ત સમજુતી માટે વ્યક્તિના બોધનનો કે વિચાર સૃષ્ટીનો અભ્યાસ કરવો જોઈએ.

આનો અર્થ એવો નથી કે વર્તનની સમજુતી માત્ર બોધાત્મક દષ્ટિબિંદુને આધારે આપી શકાય. - બોધન ઉપરાંત સામાજિક વર્તનની અન્ય સમજૂતીઓ પણ સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં આપવામાં આવી છે.

**બહુવિધ સાંસ્કૃતિક દષ્ટિબિંદુ :-**

સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અભ્યાસનો મુખ્ય વિષય સામાજિક પરિસ્થિતિમાં થતા વર્તનની સમજુતી છે. સમાજલક્ષી મનોવિજ્ઞાને વર્તનના જે નિયમો આપ્યા છે તે બધા માનવો માટે સાચા હોય એમ માનવું ભૂલ ભરેલું છે. - વર્તનમાં સાંસ્કૃતિક ભિન્નતા હોય છે. - આજનું સમાજલક્ષી મનોવિજ્ઞાન માનવીના સામાજિક વર્તનની સર્વસામાન્ય સમજુતી આપે છે; પરંતુ તેની સાથે તેણે બહુવિધ સાંસ્કૃતિક દષ્ટિબિંદુ પણ અપનાવ્યું છે.

જેમ કે રોમેન્ટિક પ્રેમની અભિવ્યક્તિ જે રીતે અમેરિકન સમાજ કે પશ્ચિમના સમાજમાં થાય છે તેવી રીતે તેની અભિવ્યક્તિ ભારતીય સમાજમાં થઇ શકતી નથી, તેનું કારણ સાંસ્કૃતિક ભિન્નતા છે.

આમ વર્તનની સમજુતી માટે સાંસ્કૃતિક તફાવતોને લક્ષમાં લેવા જોઈએ. તેથી આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાને બહુવિધ સાંસ્કૃતિક દષ્ટિબિંદુ અપનાવ્યું છે.